# Greenlawns High School

QUESTION PAPER

MUMBAI - 400 036.

For the Termianl Examination Year 2020
Set by ____________________________
No. of Copies ___________ Time : 2 1/2 Hrs.

Subject : Gujarati L-II
Class : X-C
Full Marks : 60

( SECTION - A ) (30 MARKS)

**સૂચના: દરેક પ્રશ્નોના ઉત્તર લખવા જરૂરી છે.**

પ્રશ્ન–૧ નીચે આપેલા નિબંધોમાંથી કોઇપણ એક વિષય પર નિબંધ તૈયાર કરો. (૧૦)

૧) મારા બાળપણનો એક યાદગાર પ્રસંગ.

૨) આજના વિદ્યાર્થીની સમસ્યા – ઓનલાઇન અભ્યાસમાં આવતી મુશ્કેલી – વિચારોનું વર્ણન કરો.

૩) 'જાગ્યા ત્યારથી સવાર' કહેવત સમજાવી પ્રસંગ કે વાર્તા તૈયાર કરો.

પ્રશ્ન–૨ નીચે આપલો પત્ર વાંચી, સમજી તમારા શબ્દમાં તૈયાર કરો. (૭)

દસમાં ધોરણમાં પાસ થયા પછી તમારે આગળ શું ભણવાની ઇચ્છા છે. તેનાથી શો લાભ થશે તે જણાવતો પત્ર તમારા પિતાજીને લખો.

પ્રશ્ન–૩ નીચે પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો (૩)

(i) રૂઢિપ્રયોગના અર્થ લખી વાક્યને સાર્થક બનાવો

૧) નાક રાખવું :

૨) પાણીચું આપવું :

૩) પગ ઉપાડવા :

(ii) નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (૩)

૧) હરણ જેવાં નેત્રોવાળી : ....................

૨) જેનું નામ માત્ર બાકી રહ્યું છે તે : ..................

૩) રાત્રે ભટકનાર : .......................

(iii) નીચે આપેલા શબ્દોના દ્વિ–અર્થ શબ્દો લખો. (કોઇપણ બે) (૩)

૧) મત ૨) રાગ ૩) હાર ૪) સાન

(iv) નીચે આપેલા વાક્યનું કાળ પરિવર્તન કરો. (૧)

રમેશ નોકરી છોડી ગામ જતો રહ્યો હતો (વર્તમાનકાળ)

(v) નીચે આપેલા વાક્યમાંથી સંજ્ઞા ઓળખી પ્રકાર લખો (૧)

શહેર અહીંથી ખૂબજ દૂર છે.

(vi) નીચે આપેલા વાક્યમાં લિંગ (જાતિ) બદલી વાક્ય ફરી લખો. (૧)
આજે દુકાનપર પટલાણી બેઠી હતી.

(viii) નીચે આપેલા શબ્દની જોડણી સુધારી તરી લખો (કોઇપણ પણ બે) (૧)
પતીકાર, વારતા સાહિત્ય, અભીમાન, મુરખાઇ

**SECTION : B (30 MARKS)**

**સાહિત્ય ગુર્જરી**

સૂચના : કોઇપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો.

પ્રશ્ન-૪ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

આવ્યો - આવ્યો બળબળ થતો દેખ જોગી ઉનાળો.
વા વૈશાખી પ્રબળ વહતા, ઊડતી અગ્નિઝાળો.

૧) ઉનાળાની ઋતુનું વર્ણન તમારા શબ્દમાં કરો (૨)

૨) વસંતઋતુમાં કયા પંખી અને જીવજંતુ ની વાત કરી છે ?
વસંતઋતુમાં પ્રકૃતિમાં કયો બદલાવ જોવા મળે છે. (૨)

૩) હેમંતઋતુમાં કયું પરિવર્તન જોવા મળે છે. (૩)

૪) 'જળ નદી તણાં નીતરાં થયા' પંક્તિ સમજાવો આ પંક્તિ કઇ ઋતુના દર્શન કરાવે છે. (૩)

પ્રશ્ન-૫ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

વન-વેરાને મારજ વિજન
સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન

૧) કવિ રાજેન્દ્ર શાહ નો ટૂંકમાં પરિચય આપો (૨)

૨) આ કાવ્યમાં કવિની શી વ્યથા છે? તેથી નેણ ભરીન શું જોઇ લેવાની સલાહ આપે છે ? (૨)

૩) કવિ કાવ્યમાં મનુષ્ય માટે કયા ઉદાહરણ આપી કહે છે કે તેમની પાસે આપણી વાત સાંભળવાની નવરાશ નથી? (૩)

૪) કવિ અંતમાં શી સલાહન આપે છે. શીતલ રૂપ ધારણ કરવા માટે કહે છે. (૩)

પ્રશ્ન-૬ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

''જે-જે, રસિકભાઇ!'' એણે પગરખાં કાઢતાં કહ્યું
''હું તો ઘર ગોતી ગોતીને થાકી ગયો, ભાઇસા'બ ''

૧) રસિકલાલનો સ્વભાવ કેવો છે ? તેમને સૌથી વધારે કઇ વાત ગમે છે. (૨)

૨) હિંમતભાઇને ઘર શોધતા વાર કેમ થઇ હતી ? તેમના દેખાવ વિશે રસિકભાઇ શું કહે છે? (૨)

૩) હિંમતભાઇ રસિકભાઇને ત્યાં શા માટે આવ્યો હતો ? તેણે રસિકભાઇને પિતાની ચિઠ્ઠી આપી ત્યારે હિંમત વિશે રસિકભાઇ શં વિચારવા લાગ્યા ? (૩)

પ્રશ્ન–૭ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

‘જો, દીકરી મેં ક્યાં નોકરી કરવાનું કહ્યું ? નોકરી મેળવવાની આશામાં ઘેર બેચી રહેવા કરતાં હાથપગ હલાવી નોકરી શોધ કાઢો.’

૧) ‘ઇલા મહેતા’ વિશે ટૂંકમાં પરિચય આપો. (૨)

૨) દાદાના આગમનના સમાચાર સાંભળી ઘરમાં અણગમાનું વાદળ છવાઇ ગયું ? શા માટે ? (૨)

૩) દાદાને પચાસ હજાર શેમાં મળ્યા હતા? તેથી ઘરના વાતાવરણમાં શો ફેરફાર થયો ? (૩)

૪) દાદાએ ઘરના લોકોને શું શીખવાડી ગયા ? તેમણે પર છેવટ સુધી કયું કામ કર્યું હતું ? (૩)